# નકસલવાદ સામેની લડાઈમાં ભાજપ સરકાર નિષ્ફળ : કોંગી

અમદાવાદ,તા. ૨૬

છતીસગઢમાં નકસલવાદીઓ દ્વારા થયેલા હુમલામાં શહીદ થનાર કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો અને નાગરીકોને શ્રદ્ધાંજલી આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અર્જુન મોઢવાડીયા અને વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ આતંકવાદ અને નકસલવાદ સામેની લડતમાં કટીબદ્ધ છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓ સ્વ. વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીએ આતંકવાદનો સફાયો કરવા માટે પોતાની જાતનું બલીદાન આપ્યું તેવી જ રીતે આતંકવાદ સામેની લડાઈમાં યુવાન વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ પણ શહીદી વહોરી કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે માને છે કે આતંકવાદ અને નકસલવાદના મુદ્દે કોઈ પણ પ્રકારનું સમાધાન હોઈ જ ના શકે. આતંકવાદ અને નકસલવાદના મામલે ભાજપ વાણી વિલાસ કરે છે પરંતુ સાચા અર્થમાં ભાજપ શાસીત રાજ્યોમાં જે પગલાં ભરવા જોઈએ તે ભરવા માટે ઈચ્છા શક્તિ ધરાવતું નથી.

ભારતીય જનતા પક્ષ શાસીત રાજ્યોમાં નકસલવાદ અને આતંકવાદ ડામવામાં સંપૂર્ણ નિષ્ફળ નીવડયો છે. ભાજપ શાસિત રાજ્ય છત્તીસગઢમાં ગઈકાલે નકસલવાદીઓ દ્વારા સૌથી વધુ પ્રભાવીત વિસ્તાર હોવા છતાં કોંગ્રેસના આગેવાનોને અને કાર્યકરોને રક્ષણ આપવામાં સ્થાનિક સરકાર નિષ્ફળ નીવડી છે. દેશમાં આતંકવાદી બનાવ હોય કે નકસલવાદી બનાવ હોય ભાજપ હંમેશા તકવાદી રાજકારણ કરતું હોય છે. ભાજપ શાસિત રાજ્યોમાં ગંભીર બનાવો બને છે ત્યારે ભાજપના મુખ્યમંત્રીઓ કે રાષ્ટ્રીય નેતાઓ બંકરમાં છુપાઈ જાય છે અને પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા છે. ઝેડ કેટેગરીમાં ફરતાં અને વડાપ્રધાનને સુરક્ષા માટે સલાહ આપનારા ભાજપના મુખ્યમંત્રીઓએ પોતાના ઘર આંગણે કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંભાળવામાં નાકામ રહીને વિપક્ષના આગેવાનો, કાર્યકરો અને નાગરિકોને ભગવાન ભરોસે છોડી દીધા છે.

છતીસગઢમાં સૌથી વધુ પ્રભાવીત વિસ્તારમાં નકસલવાદીઓ દ્વારા થયેલા હુમલામાં નિધન પામેલ કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો અને નાગરિકો શહીદીને વરેલા છે. તેઓને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ શ્રદ્ધાંજલી અર્પે છે. તથા આ હુમલામાં ગંભીર રીત ઘવાયેલા કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વી.સી. શુકલાજી પણ પુનઃસ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી છે. હુમલામાં મૃત્યુ પામેલ કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો અને નાગરિકોના પરિવારો પર આવી પડેલ દુઃખમાં કોંગ્રેસ પક્ષ ભાગીદાર થાય છે. આગામી સમયમાં પણ કોંગ્રેસ પક્ષ નકસલવાદ અને આતંકવાદ સામે લડવા માટે પ્રતિબદ્ધ છે.

## ઉમિયા માતાજીનો દશમો પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા તાજેતરમાં શ્રી ઉમિયા માતાજીનો દશમો પાટોત્સવ ઉજવાઈ ગયો.

ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે તાજેતરમાં ઉમિયા માતાજી, ભગવાન શિવજી અને રાધાકૃષ્ણ મંદિરનો દશમો પાટોત્સવ ઉમંગભેર ઉજવાઈ ગયો. આ પ્રસંગે નવચંડી હવન, ધ્વજારોહણ તથા મહેમાનો-દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાત્રે ૮ કલાકે 'મા-બાપને ભૂલશો નહી' તથા 'દીકરી વ્હાલનો દરિયો' સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.



બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે ભાજપના ઉમેદવારના ચૂંટણી પ્રચાર કરતા શ્રી પરબતભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરના કોર્પોરેટર શ્રી કાર્તિક પટેલ, નાજાભાઈ ઘાઘર, મહામંત્રી શ્રી રણછોડભાઈ રથવી, પૂર્વ પ્રમુખ નિતીનભાઈ પટેલ સહિત અન્ય કાર્યકર્તાઓ જોડાયા હતા.

## છત્તીસગઢમાં નક્સલવાદી હિંસક હુમલો લોકશાહી ઉપરનો ક્રુર પ્રહાર છે

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છત્તીસગઢમાં નક્સલવાદીઓનાં અમાનુષી હિંસક હુમલાને ભારતની લોકશાહી ઉપરના હુમલા સમાન ગણાવ્યો છે. નકસલવાદી હિંસાને સખત શબ્દોમાં વખોડી કાઢતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટર ઉપર જણાવ્યું છે કે આતંકવાદ અને નક્સલવાદ જેવી અમાનુષી હિંસાની માનસિકતા સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાનો સમય ક્યારનોય પાકી ગયો છે.

મુખ્યમંત્રીશ્રીએ નક્સલવાદી હિંસાનો ભોગ બનેલા કુટુંબો અને પોલીસોના પરિવારોને સંવેદનાશીલ સહાનુભુતી પાઠવતાં જણાવ્યું છે કે તેમના દુઃખમાં સમગ્ર માનવતાવાદી લોકો સહભાગી છે. ઈજા પામેલા જલ્દીથી સાજા થઈ જાય તે માટે પણ તેમણે શુભેચ્છા પાઠવી છે.

## નડીયાદ ખાતે ૩૧મી મે અને ૧લી જૂને યુરોપેથોલોજી સમિટ યોજાશે

અમદાવાદ,તા. ૨૬

નડિયાદની વિશ્વવિખ્યાત મૂળજીભાઈ પટેલ યુરોલોજિકલ હોસ્પિટલ (કિડની હોસ્પિટલ)માં ૩૧મી મે અને પહેલી જૂને 'ડાયલોગ્સ ઈન યુરો-એન્કોલોજી:યુરોપેથોલોજી સમિટ' યોજાશે. આ પ્રસંગે ઈન્ટરનેશનલ ફેકલ્ટી તરીકે અમેરિકાસ્થિત ડૉ. મેહુલ અમીન ખાસ ઉપસ્થિત રહેશે.

ડૉ. મેહુલ અમીન અમેરીકના લોસ એન્જેલેસમાં સેડાર્સ-સિનાઈ મેડિકલ સેન્ટરમાં ડિપાર્ટમેન્ટ ઓફ પેથોલોજી એન્ડ લેબોરેટરી મેડિસિનના ચેરમેન અને પ્રોફેસર છે. ડૉ. અમીને બોમ્બેની જી એસ. મેડીકલ કોલેજ અને કિંગ એડવર્ડ મેમોરિયલ હોસપિટલમાંથી પોતાની મેડિકલ ડીગ્રી મેળવી હતી. તેઓ પ્રોસ્ટેટ, યુરિનરી બ્લેડર, કિડની, વૃષણની ગાંઠ સહિતના રોગો બાબતના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્ટ છે. ડૉ. અમીન જીનીટુરીનરી પેથોલોજીમાં વિશ્વવિખ્યાત નિષ્ણાત અને શિક્ષણકાર છે.

## અમેરિકામાં ચરોતરને ગૌરવ અપાવતી જાનકી પટેલ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૬

મૂળ મહેળાવના ઘનશ્યામ શનુભાઈ પટેલ અને શ્રીમતી પ્રવીણા ઘનશ્યામની નાની દીકરી જાનકી પટેલે અમેરિકામાં શિક્ષણક્ષેત્રે ચરોતરને ગૌરવ અપાવ્યુંછે. જાનકીના દાદા શનુભાઈ પટેલનું સ્વપ્ન હતું કે એમની પૌત્રી વેલિડિક્ટેરિયન બને અને જાનકીએ એ સ્વપ્નને સાકાર કરી બતાવ્યું છે. એ પોતાના વર્ગમાં સૌથી મોખરે રહી છે.

એટલાન્ટાના બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર (લિલબર્ન)ની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી જાનકી પુટનામ કાઉન્ટીથી રોકડેલમાં આવી ત્યારે એ સોફોમોર હતી અને એના દાદાએ પોતાનીં ગ્રાન્ડચિડ્રનમાંથી કોઈને વેલિડિક્ટેરિયન થતાં જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જાનકીએ દાદાના એ સ્વપ્નને સાકાર કર્યું અને એણે પોતાના દાદાએ એનામાં મુકેલી શ્રદ્ધા સાકાર કરી શક્યાનો હરખ વ્યક્ત કર્યો હતો. જાનકીની મોટી બહેન અમીષા પુટનામ કાઉન્ટી



હાઈસ્કૂલમાંથી ગ્રેજ્યુએશન કરીને અત્યારે જીપીસીમાં ભણે છે. નાનો ભાઈ ભાસ્કર રોકડેલ મેગ્નેટ સ્કૂલમાં નવમામાં ભણે છે. સેલમની વેલિડિક્ટેરિયન થયેલી જાનકી પોતાના સાથી વિદ્યાર્થીઓ વિશે પણ સકારાત્મક મત વ્યક્ત કરે છે. અને અમેરિકી મીડિયાએ એની સિદ્ધિની નોંધ લીધી છે.

જાનકીના રસના વિષય ગણિત અને રસાયણશાસ્ત્ર છે. એ સેલમ કેમ્પસ ઉપરાંત જ્યોર્જિયા પેરિમીટર કોલેજમાં ડ્યુઅલ ડિગ્રી માટે ભારે પરિશ્રમથી પોતાના પરિવારનું નામ રોશન કરવા કૃતસંકલ્પ હતી અને ભણતર સાથે જ સેવાકીય પ્રવૃતિતમાં પણ સ્વતંત્ર રીતે જોડાયેલી હતી. એ નર્સ થવા ઈચ્છે છે અણે ચેમ્બરાલેન નિર્સિંગ સ્કૂલ (એટલાન્ટા)માં જોડાવા જઈ રહી છે. જાનકીના દાદા ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના માનદ મંત્રી સેમકોમ કોલેજના આચાર્ય રહ્યા છે. પરિવારના સંસ્કાર જાનકી પટેલમાં ઝળકે છે.

## ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી કરતાં શખ્સ ઝડપાયો

અમદાવાદ,તા. ૨૬

ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર એક શખ્સને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયો છે. પોલીસે એક શખ્સ પસોથી ચાર ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ પણ જપ્ત કર્યા છે. પ્રાથમિક તપાસમાં આરોપી ડેટાને આધારે ખોટા ક્રેડિટ કાર્ડ બનાવી ખરીદી કરતો અને વસ્તુ વેચી પૈસા મેળવી લેતો હતો. પોલીસે આરોપીના રીમાન્ડ મેળવી વધુ તપાસ હથા ધરી છે.

શહેર ક્રાઈમ બ્રાંચનાં પીએસઆઈ તરલ ભટ્ટને બાતમી મળી હતી કે ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ પરથી ખરીદી કરી છેતરપિંડી કરતો શખ્સ શહેરનાનવરંગપુરાના સી.જી. રોડ પાસેથી પસાર થવાનો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી પ્રકાશ શેટ્ટી (ઉ.૪૦, રહે. મેગ્લોર કર્ણાટક)ને ઝડપી પાડયો હતો.

પોલીસે આરોપી પ્રકાશ પાસેથી ચાર અલગ અલગ કંપનીનાં ક્રેડિટ કાર્ડ જપ્તા કર્યા હતા. પોલીસે બે એક્સિસ તેમજ બે આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડ જપ્ત કર્યા છે. આરોપીની પ્રાથમિક પુછપરછમા આરોપી ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ બનાવવા સૌપ્રથમ ક્રેડિટકાર્ડનો ડેટા ખરીદતો હતો અને આ ડેટા મેળવ્યા બાદ તે અલગ અલગ કંપનીના ક્રેડિટકાર્ડ બનાવતો. આ ડુપ્લીકેટ ક્રેડિટકાર્ડ દ્વારા તે માત્ર સોનું જ ખરીદતો હતો સોનું ખરીદયા બાદ તે તેને વેચી પૈસા મેળવી લેતો હતો. આ કૌભાંડમાં રાજીવ ખંડેલવાલ નામના વ્યક્તિ પણ હોવાનું જાણવા મળેલ છે. જે મુખ્ય સૂત્રધાર છે. આ કૌભાંડમાં બીજાઘણા વ્યક્તિઓ સંડોવાયેલા હોવાનું મનાય છે. આ કૌભાંડ છેલ્લા બે વર્ષથી ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. તેમજ આ ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ દ્વારા આ ગેંગે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું મનાય છે. આ કૌભાંડમાં આખી ગેંગ સામેલ છે.જે અલગ અલગ જગ્યાએથી ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ દ્વારા સામાનની ખરીદી કરતાં હતાં અને તેને વેચી પૈસા મેળવી લેતાં હતા. પોલીસે હાલ આ અંગે પ્રકાશનાં રીમાન્ડ મેળવી આ કૌભાંડમાં બીજું કોણ-કોણ સામેલ છે તેમજ કેટલાનું કૌભાંડ છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## નરેન્દ્રભાઈ મોદી લીમખેડાના કૃષિ મહોત્સવમાં આજે આદિવાસી કિસાનોને સંબોધન કરશે

અમદાવાદ, તા. ૨૬

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં ચાલી રહેલા કૃષિ અભિયાન અંતર્ગત આવતીકાલ સોમવાર તા. ૨૭ મે ના રોજ મધ્ય ગુજરાતના કૃષિ મહોત્સવમાં ભાગ લેવા દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે જઈ કૃષિ મેળો, કૃષિ નિદર્શનો અને પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન કરશે અને આદિવાસી કિસાનોને પ્રેરક સંબોધન કરશે.

## બાવળામાંથી રૂપિયા ૨૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

અમદાવાદ શહેરથી નજીક આવેલા બાવળા વિસ્તારના અમીપુરા ગામની સીમના ખુલ્લા મેદાનમાં ૭ આરોપીઓ ભેગા મળીને દારૂનો વેપાર કરતા હતા. જેની બાતમી બાવળા પોલીસને મળતા તા-૨૬-૫-૧૩ને રાત્રીના ૧૨-૩૦ કલાકે પોલીસ એ રેડ પાડી હતી. જેમાં ૨૦,૫૧,૬૦૦ના વિદેશી દારૂ સાથે ત્રણ આરોપીઓ અને એક ટ્રક, ૪ ફોર વ્હીલર અને ૨ મોટર સાઈકલ પકડી હતી. જેનો ગુનો નોંધી બાવળા પોલીસે વધારે તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદની નજીક બાવળા વિસ્તારના અમીપુરા ગામની સીમમાં વરિયા ઈન્ડસ્ટ્રીઝ નજીક ખુલ્લી જગ્યામાં ૭ આરોપીઓ વિદેશી દારૂનો વેપાર કરતા હતા. જેમાં વિદેશી દારૂની વિતરણ, માલની હેરાફેરી, તથા માલનું વિતરણ કરતા હતા. જેમાં એક ટ્રક, ચાર ફોરવ્હીલર અને બે મોટરસાઈકલનો ઉપયોગ કરતા હતા. જેની બાતમી બાવળા પોલીસને જાણ થતા જ તા- ૨૬-૫-૧૩ના રાત્રીના સુમારે બાવળા પોલીસે રેડ પાડી હતી. જેમાં ૨૦,૫૧,૬૦૦નો દારૂ કબજે કર્યો હતો. તેમજ ત્રણ આરોપીઓની પણ ધરપકડ કરી હતી, જેમાં મહમદ આરીફ રસુલભાઈ શેખ (ઉ.વ.૩૯) તેમજ સલીમ બાબુપઠાણ (ઉ,વ, ૩૫) ૯ રહે, જુહાપુરા, અમદાવાદ) અને ચંન્દ્રકાંત નટવર ચૌહાણ (ઉ.વ.૩૫) આ ત્રણેય આરોપીની બાવળા પોલીસે ધરપકડ કરી હતી.

## એસ્સાર પ્રોજેકટસને અબુધાબીમાં ૮ કરોડ યુએસ ડોલરના ત્રણ કોન્ટ્રાકટ

વિશ્વસ્તરની એન્જિન્યરીંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રકટશન (EPC) વર્ક કોન્ટ્રાકટર એસ્સાર પ્રોજેકટસ લિમિટેડ (EPL)ને અબુધાબીમાં કુલ ૮ કરોડ ડોલરના ત્રણ નવા કોન્ટ્રાક્ટ મળ્યા છે જેનાથી અબુધાબીમાં તેની હાજરી વધુ મજબૂત બની છે.

તકરીર દ્વારા અબુધાબી રીફાઈનરીમાં કલાકના ૩.૬ ઘનમીટર ક્ષમતાનો સ્પેન્ટ કોસ્ટીક ટ્રીટમેન્ટ પ્લાન્ટના એન્જિન્યરીંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રકશન વર્કસ, કમિશનીંગ અને કાર્યરત કરવાનો સીધો કોન્ટ્રાક્ટ એસ્સાર પ્રોજેકટસ લિમિટેડને આપવામાં આવ્યો છે. આ પ્રોજેકટમાં મેરીકેમ પ્રોસેસ ટેકનોલોજી , હાઉસ્ટન પ્રોજેકટની ટેકનોલોજી પાર્ટનર છે.

સેમસંગ એન્જીન્યરીંગ, કોરીયાએ એસ્સાર પ્રોજેકટસ લિમિટેડને રૂવાઈસ રિફાઈનરી માટે કાર્બન બ્લેક એન્ડ ડીલેઈડ કોકર (CBDC) પ્રોજેકટના સિવિલ વર્કનો કોન્ટ્રાક્ટ આપ્યો છે.

જી.એસ એન્જીન્યરીંગ, કોરીયાએ ૨૮ ઈંચ X ૯૪.૬ કી.મી.ની એક જેટ અલ પાઈપલાઈન અને બીજી પણ ૨૮ ઈંચ X ૯૪.૬ કી.મી.ની ગેસ ઓઈલ પાઈપલાઈન એમ ટવીન (બે) ઈન્ટર રિફાઈનરી પાઈપલાઈન્સ (IRP) નો કોન્ટ્રાક્ટ આપ્યો છે.

આ અંગે એસ્સાર પ્રોજેકટસના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી એલ્વીન બૌડેન જણાવે છે કે "એસ્સાર પ્રોજેકટસ માટે મીડલ ઈસ્ટ એ મહત્વનું બજાર છે. આ પ્રોજેકટસ હાંસલ કરીને અમે અમારી વિશ્વવ્યાપી છાપ મજબૂત કરવાની તથા દક્ષિણ પૂર્વ એશિયા, ભારત આફ્રિકા અને અમેરિકામાં અમારી વર્તમાન હાજરીને આગળ ધપાવવા માટે અમે વ્યુહાત્મક દૃષ્ટિએ મહત્વનુ કદમ ભર્યું છે.

આ બાબતે પ્રતિભાવ આપતાં અમિત ગુપ્તા, સીઈઓ હાઈડ્રોકાર્બન્સ જણાવે છે કે મધ્ય-પૂર્વના દેશોમાં હડ્ડ્રોકાર્બન ક્ષેત્રે કામગીરી મેળવવાની વ્યાપક ક્ષમતા છે. એસ્સાર પ્રોજેકટસ આ ક્ષેત્રે વૃધ્ધિ માટે કટિબધ્ધ છે અને તેણે સક્રિય થઈને પ્રોજેકટસ હાંસલ કરવા માટે મેગા પ્રોજેકટસના અમલ માટે યુનાઈટેડ આરબ અમિરાત, સલ્તનત ઓફ ઓમાન, કુવૈત, કતાર અને સાઉદીઅરેબીયા રાજયમાં સ્થાનિક ઓફિસો સ્થાપી છે.

આ તમામ પ્રોજેકટસ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાની કામગીરી સક્રિયપણે ચાલી રહી છે. સ્પેન્ટ કોસ્ટીક સોડાનું એન્જિન્યરીંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રકટશન ૨૭ મહિનામાં પૂર્ણ કરવાની યોજના છે. સીબીડીસીનો સિવિલ કોન્ટ્રાક્ટ ૨૨ માસમાં પૂર્ણ કરાશે અને આઈઆરપી ટવીન પાઈપલાઈન સ્થાપવાની સમયમર્યાદા ૮ માસની રાખવામાં આવી છે.

તકરીરને પ્રારંભ થયો ત્યારથી જ તેને યુનાઈટેડ આરબ એમિરેટસના અર્થતંત્રમાં મહત્વનું પ્રદાન કરતી, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની અગ્રણી ઓઈલ રિફાઈનીંગ કંપની ગણવામાંઆવેછે. તકરીરે ઉચ્ચ ધોરણો તથા કાર્યક્ષમ રિફાઈનીંગ કામગીરી દ્વારા તેમજ સુદ્રઢ આરોગ્ય, સલામતી અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીઓ દ્વારા તેમજ કામગીરી અને કર્મચારીઓ દ્વારા વિશ્વ સ્તરનો પર્ફોમન્સ દ્વારા અગ્રણી રિફાઈનીંગ કંપની તરીકેનું તેનું સ્થાન જાળવી રાખ્યું છે.

## લીસ્ટ તૈયાર કરવા આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

-તિબંધક ધારાનો કડક અમલ થાય તે માટે સરકાર તરફથી અવાર-નવાર સૂચનાઓ આપવામાં આવે છે આમ છતાં તેની અમલવારી અસરકારક થતી ન હોવાના કારણે ધાર્યા પરિણામો મળી શકતા નથી.

રાજયમાં કાયદાની અમલવારી નહીં થતી હોવાની બાબતને સ્વીકારીને ગૃહ વિભાગે જણાવ્યું છે કે હવે આ દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવાની રહેશે. વિભાગે સૂચના આપતાં જણાવ્યું છે કે રાજયમાં તમામ જિલ્લા અને શહેરના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક અસરથી બુટલેગર, બુકીઓ અને જુગારીઓનું લીસ્ટ તૈયાર કરવું અને તેને સમયસર અપડેટ કરવું પડશે.

આવી યાદીમાં સમાવેશ થયા હોય તેવા બુકીઓ, બુટલેગરો અને જુગારીઓ કે જેમની સામે વારંવાર ગુનાઓ નોંધાયા હોય અને ધરપકડ કરવામાં આવતી હોય તેવા ઈસમો સામે જરૂર જણાયે પાસા હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

પોલીસ સ્ટેશનોએ શું કાર્યવાહી કરી, કેટલા ઈસમોની યાદી બનાવી, કેટલા ઈસમો પાસામાં ફીટ થાય તેવા છે, વધુ ગંભીર ગુનામાં કેટલા લોકો સંડોવાયા છે તેવી માહિતી રજૂ કરવા માટે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ વિડીયો કોન્ફરન્સ કરશે.

-ત્યેક જિલ્લા અને શહેરના પોલીસ સ્ટેશનોમાં થયેલી કાર્યવાહીની જાણકારી આ કોન્ફરન્સમાં આપવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે આઈપીએલ ફિક્સીગ કાંડમાં અમદાવાદના સૌથી મોટા સટ્ટા બેટીંગનો પર્દાફાશ થયો છે. ૧.૨૮ કરોડ રોકડા અને એક કિલો સાના સાથે વિનોદ મુલચંદાની પકડાતાં બુકીઓના તારનું રેકેટ રાજય અને દેશવ્યાપી હોવાનું ખૂલ્યું છે. આ સંજોગોમાં તેની સાથે સંકળાયેલા બુકીઓ તેમજ પંટરો ઉપર વોચ રાખવાની સૂચના શનિવારે આપી દેવામાં આવી છે.

## વાતાવરણ પલ્ટાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જામનગર સહિતના વિસ્તારોમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના વડાલી અને મેઢ પંથકમાં ગઈરાત્રે ભારે પવન સાથે કમોસમી વરસાદના ઝાપટા પડયાના વાવડ મળ્યા છે.હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧. ડીગ્રી નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડીગ્રી નોંધાયું હતું . રાજ્યમાં આજે પણ સૌથી વધુ તાપમાનમાં અમદાવાદ મોખરે રહ્યું હતું. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦.૨ ડીગ્રી નોંધાયું હતું જ્યારે ડીસા, વલ્લભવિદ્યાનગર અને સુરેન્દ્રનગરમાં ૪૦ ડીગ્રી અને રાજ્યના બાકીના વિસ્તારોમાં ૩૩થી ૩૯ ડીગ્રી વચ્ચે નોંધાયું હતું.

## પ્રથમ બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થવા પામ્યો છે તેમજ મુખ્યમાર્ગોની સફાઈ માટે ઓટોમેટીક રોડ સ્વિપીંગ મશીનો ખરીદવાનો નિર્ણય લેવામાં આવેલો છે એટલે ચોમાસા પૂર્વેની તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં અડચણો ઉભી થશે નહિ.

સ્થાયી સમિતિના નવનિયુકત ચેરમેન શ્રી આશિષ દવેને પુછતાં તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છ શહેર સ્વસ્થ શહેર એ અમારો ચૂંટણીનો એજન્ડા છે અને તે માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમે અમારી પ્રથમ બેઠકમાં જ આ અંગેના પાયલોટ પ્રોજેકટ પર ચર્ચા વિચારણા કરી આગળ વધીશું.

ગાંધીનગર શહેરને સ્વચ્છ શહેર બનાવવા માટેની જરૂર પડયે અમે આ બેઠકમાં કાર્ય યોજનાને આખરી ઓપ આપી દેશું તેવો સંકેત આપતાં તેમણે જણાવ્યું હતું કે અમે દરેક સેકટરવાર લાયઝન અધિકારીઓની નિમણુંક કરી તેમની જવાબદારી આ અંગે નિયત કરીશું.

સ્થાયી સમિતિની આ બેઠકમાં મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના અંતર્ગત લોકફાળો ઉઘરાવી જમા કરાવનાર સોસાયટીઓમાં વિકાસના કામો હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

શહેરના વિવિધ સેકટરોમાંથી ૮ જેટલી જુદી જુદી સોસાયટીઓ દ્વારા લોકફાળો એકત્ર કરવામાં આવી રહ્યો છે. આ પૈકી ૨ થી ૩ સોસાયટીઓએ તે લોકફાળાની રકમ જમા કરાવી દીધી છે. હવે કોર્પોરેશન તેમાં ૧૦ ટકા ખર્ચ આપશે અને રાજય સરકાર ૭૦ ટકા રકમ આપશે અને આ સોસાયટી વિસ્તારોમાં વિકાસના કામો હાથ ધરવામાં આવશે.

## તોતિંગ વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોપડાના ભાવો વધ્યા છે. આ ઉપરાંત નોટબુક અને ચોપાડના કારીગરોની મજુરી પણ વધી છે. જેના કારણે નોટબુક અને ચોપડાની

(અનુસંધાન નીચેના પાને)

કિંમતોમાં વધારો કરવાની ભરજ પડી છે. જો કે તેની સીધી અસર બજારમાં ચોપડા અને નોટબુકની ખરીદી પર પડી છે. ચાલુ વર્ષે સામાન્ય કરતા ૩૦થી ૪૦ ટકા જેટલી ઓછી ખરીદી બજારમાં જોવા મળી રહી છે. એકબાજુ ચોપડા અને નોટબુકની કિંમતોમાં વધારો થયો છે. ત્યારે બીજી બાજુ નોટબુક અને ચોપડામાં પેજની સંખ્યા પણ ઘટી છે. આ વર્ષે સંખ્યા પણ ઘટી છે. આ વર્ષે બજારમાં ઉપલબ્ધ ૧૦૦ પેજમાં ચોડાઓ અને નોટબુકમાં માત્ર ૯૦ અને ૨૦૦ પેજના ચોપડામાં ૧૭૬ પેજ આપવામાં આવ્યા છે. જેના કારણે વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે શહેરના એક વિદ્યર્થીના વાલી અનિલ મોદીએ જણાવ્યું હતુ કે એક બાજુ ચોપડાની કિંમતમાં વધારો થયો છે જે બીજી બાજુ ચોપડામાં પેજની સંખ્યા પણ ઘટાડાતા ડબલ માર પડ્યો છે. જેથી અત્યારે માત્ર જરૂર પૂરતી જ નોટોની ખરીદી કરીને કામ ચલાવી રહ્યા છીએ. ઉલ્લેખનીયે કે દર વર્ષે મટીરિયલ ખર્ચમાં વધારો થતા નોટબુક અને ચોપડાના ભાવમાં વધારો થાય છે. જો કે છેલ્લા ચાર વર્ષમાં જોવા મળી રહેલા જંગી ભાવ વધારાના કારણે નોટબુક ચોપડાના ભાવ બમણા થઈ ગયા છે.

## પાવર હાઉસ બની રહ્યા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેગાવોટની સોલાર પેનલો લગાવવાની કામગીરી અમારી કંપની કરી રહી છે. હાલમાં જુના સચિવાલય તરીકે ઓળખાતા ડૉ. જીવરાજ મહેતા ભવનના તમામ ૧૮ બ્લોકના ધાબાઓ પર સોલાર પેનલ લગાવવાનું કામ ચાલી રહ્યું છે. જે આગામી જૂન માસ સુધી પૂર્ણ થશે. ડૉ. જીવરાજ મહેતા ભવન ઉપરાંત નવી કલેક્ટર કચેરી, નિર્માણ ભવન, વન ભવન, કૃષિભવન, કોર્ટ બિલ્ડીંગ અને ઉદ્યોગભવનના ધાબાઓ પર પણ સોલાર સીસ્ટમ લગાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. અઢી મેગાવોટ પૈકી બે મેગા વોટના પ્લાન્ટ સરકારી ઈમારતો પર લાગી રહ્યા છે જ્યારે ૫૦૦ કીલો વોટના પ્લાન્ટ ખાનગી રહેણાંક મકાનોના ધાબા પર લગાવવાનું કામ થઈ રહ્યું છે. હાલમાં સે. ૨, ૬, ૭ ના કેટલાક રહેણાંક મકાનોના ધાબાઓ પર ૧ થી ૬ કિલો વોટના સોલાર પ્લાન્ટનું ઈન્સ્ટોલેશન પૂર્ણ થઈ ચુક્યું છે. જે વસાહતીઓએ અમારી સાથે કરાર કર્યા છે અને સોલાર પેનલ ફીટ કરાવી છે તેમને અમે યુનિટ દીઠ રૂ. ૩નું વળતર ચુકવીએ છીએ. વસાહતીઓને સૌથી મોટો ફાયદો એ છે કે તેમને આ પ્રોજેક્ટમાં એક રૂપિયાનું ય ઈન્વેસ્ટમેન્ટ કરવાનું નથી. માત્ર ધાબુ જ ભાડે આપવાનું છે. દરરોજ ત્રણ થી ચાર યુનિટના ઉર્જા ઉત્પાદન થકી વસાહતીઓને દર મહીને હજારથી બારસો રૂપિયા સુધીની બેઠી આવક ઘરે બેઠા મળી રહે છે. જેમ જેમ જાગૃતિ આવતી જાય છે તેમ તેમ વધુ ને વધુ વસાહતીઓ આ પ્રોજેક્ટમાં રસ દાખવી રહ્યા છે. હવે એ દિવસ દૂર નથી. જ્યારે શહેરનું દરેક ઘર મીની પાવર પ્લાન્ટ બની ઉર્જાનું ઉત્પાદન કરતું હશે.

## સ્વામીનો સેક્સકાંડ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્કી કરીને ગત મોડી સાંજે સ્વામી પોલીસને ખાનગી વેશમાં લઈ જઈને ધમાસણા બસ સ્ટેન્ડ પાસે બોલાવવામાં આવ્યા હતા. એક ફંટી ગાડીમાં ચાર શખ્સો રૂ. ૨૪ લાખ લેવા માટે આવ્યા ત્યારે કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવે અને પી.એસ.આઈ. ડી.બી. વાળા તથા તેમની ટીમે જ બ્લેકમેલર્સ પૈકી ૩ ની ધરપકડ કરી લીધી છે. જ્યારે એક ફરાર થઈ ગયો હતો અને મુખ્ય સૂત્રધાર પણ ફરાર છે. પોલીસે કૃષ્ણનગરની ઉમિયા એપાર્ટમેન્ટ અને મુળ ઈટાદરાના શખ્સ ભાવેશ બળદેવ પટેલ, બદપુરા, ઈશ્વરપુરાના ગોવિંદ વેલાભાઈ ચૌધરી અને પુન્દ્રાના કમલેશ સાંકાભાઈ પટેલની ધરપકડ કરી લીધી છે જ્યારે ધ્રુવ ઉર્ફે બન્ટી નામનો સખ્સ ફરાર થઈ ગયો હતો. ક્લીપીંગ કાંડનો મુખ્ય બ્લેકમેલર ચંદા શાહ રહે. વિજાપુર હજુ ફરાર છે. કલોલ તાલુકા પોલીસે સ્વામી દીવ્યસ્વરૂપજી ગુરુ પ્રેમ સ્વરૂપદાસજીની ફરીયાદને આધારે વધુ તપાસ શરૂ કરી લેપટોપ અને પેનડ્રાઈવ જપ્ત કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

## ટુંકી જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૩-૨૦૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગાંધીનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર દ્વારા વિજળીકરણને લગતા ૩ કામની અંદાજીત કિંમત રૂ. ૯૬,૯૧૯.૫૦ થી રૂ. ૨,૯૯,૭૫૭.૦૦ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિકૃત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૮/૫/૨૦૧૩ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૩૧/૫/૨૦૧૩ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૪૧૬/૧૩-૧૪